# PHILOSOPHY

**Question Booklet Sl. No.** 220046

Name & Signature of the Invigilator

**PAPER – II**

**CODE-22**

OMR Answer Sheet No. : ____________

Roll No. : ____________

(in figures as in Hall Ticket)

Roll Number in words : ....................................

..........................................................

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example:** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## PHILOSOPHY

### Paper – II

**1.** Which is Naiyayika's theory of truth ?

(A) Shabda pramanyavada

(B) Paratah pramanyavada

(C) Swatah pramanyavada

(D) Shabda apramanyavada

**2.** According to Samkhya, which are the qualities of Tamas ?

(A) Moha, Gurutva, Avarana

(B) Sukha, Prakasha, Laghava

(C) Dukha, Upashtambhakatva, Pravartakatva

(D) Sukh, Dukh, Moha

**3.** Which is Ramanuja's theory of error ?

(A) Anyathakhyativada

(B) Asatkhyativada

(C) Satkhyativada

(D) Anirvachniya Khyativada

**4.** On which ground purva-mimansa and Nyaya are agreed on Truth ?

(A) Svatah pramanya

(B) Paratah pramanya

(C) Svatah apramanya

(D) Paratah apramanya

**5.** Who is the author of samkhyakarika ?

(A) Kapila

(B) Gautama

(C) Nagarjuna

(D) Ishvarakrishna

**1.** નૈયાયિકોનો સત્ય અંગેનો સિધ્ધાંત ક્યો છે ?

(A) શબ્દ પ્રામણ્યવાદ

(B) પરત: પ્રામાણ્યવાદ

(C) સ્વત: પ્રામાણ્યવાદ

(D) શબ્દ અપ્રામાણ્યવાદ

**2.** સાંખ્ય અનુસાર તમસ ના લક્ષણો ક્યાં છે ?

(A) મોહ, ગુરુત્વ, આવરણ

(B) સુખ, પ્રકાશ, લાઘવ

(C) દુ:ખ, ઉપષ્ટંભકત્વ, પ્રકર્તકત્વ

(D) સુખ, દુ:ખ, મોહ

**3.** રામાનુજાચાર્યનો ભ્રમ અંગેનો સિદ્ધાંત ક્યો છે ?

(A) અન્યથાખ્યાતિવાદ

(B) અસતખ્યાતિવાદ

(C) સતખ્યાતિવાદ

(D) અનિર્વચનીય ખ્યાતિવાદ

**4.** સત્ય અંગેના ક્યાં મુદ્દા પર પૂર્વ-મીમાંસા અને ન્યાય સહમત છે ?

(A) સ્વત: પ્રામાણ્ય

(B) પરત: પ્રામાણ્ય

(C) સ્વત: અપ્રામાણ્ય

(D) પરત: અપ્રામાણ્ય

**5.** સાંખ્યકારિકાના રચયિતા કોણ છે ?

(A) કપિલ

(B) ગૌતમ

(C) નાગાર્જુન

(D) ઈશ્વરકૃષ્ણ

6. Regarding whose existence, the argument Adrashtatah' is
(A) Cause
(B) Effect
(C) Prakriti
(D) God

7. 'Bhedanam Parimanat' is the argument regarding whom ?
(A) Prakriti
(B) Purusha
(C) God
(D) Self

8. Which is the non-extended substance according to Jaina ?
(A) Animate
(B) Inanimate
(C) Time
(D) God

9. Which type of knowledge is called by Jaina when a person has direct access to the present and past thoughts of others ?
(A) Avadhijnana
(B) Manah-paryayajnana
(C) Kevalajnana
(D) Shrutajnana

10. Who gave the theory of 'Sharir-Shariri' relation ?
(A) Shankaracharya
(B) Ramanujacharya
(C) Madhvacharya
(D) Vallabhacharya

6. 'અદષ્ટત:' દલીલ કોના અસ્તિત્વને લગતી છે ?
(A) કારણ
(B) પરિણામ
(C) પ્રકૃતિ
(D) ઈશ્વર

7. 'ભેદાનાં પરિમાણાત' દલીલ કોને લગતી છે ?
(A) પ્રકૃતિ
(B) પુરુષ
(C) ઈશ્વર
(D) આત્મા

8. જૈન અનુસાર ક્યું અનસ્તિકાય દ્રવ્ય છે ?
(A) જીવ
(B) અજીવ
(C) કાળ
(D) ઈશ્વર

9. અન્યના વર્તમાન અને ભૂતકાળ ના વિચારો જાણી શકે, તે જૈન અનુસાર ક્યાં પ્રકારનું જ્ઞાન છે ?
(A) અવધિજ્ઞાન
(B) મન:-પર્યાયજ્ઞાન
(C) કેવલજ્ઞાન
(D) શ્રુતજ્ઞાન

10. 'શરીર-શરીરી' અંગેનો ખ્યાલ કોણે આપ્યો ?
(A) શંકરાચાર્ય
(B) રામાનુજાચાર્ય
(C) મધ્વાચાર્ય
(D) વલ્લભાચાર્ય

**11.** According to the Mandukya Upanishad

(A) The self is the symbol of ignorance

(B) There is no difference between the self and not-self

(C) The atman is the enjoyer of worldly objects

(D) The true self is the foundation of all existence and knowledge

**11.** માંડૂકય ઉપનિષદ અનુસાર

(A) આત્મા એ અજ્ઞાનનુ પ્રતિક છે

(B) આત્મા અને અનાત્મા વચ્ચે કોઈ ભેદ નથી

(C) આત્મા એ દુન્યવી વસ્તુઓનો ભોટકા છે

(D) વાસ્તવિક આત્મા એ તમામ અસ્તિત્વ અને જ્ઞાનનો આધાર છે

**12.** If Charvaka accepts the validity of perception alone, then which of the given elements cannot be accepted by it ?

(A) Earth (B) Water

(C) Fire (D) Ether

**12.** જો ચાર્વાક માત્ર પ્રત્યક્ષને પ્રમાણ માને છે, તો નીચે આપેલામાથી ક્યું તથ્ય તેમને માન્ય નથી ?

(A) પૃથ્વી (B) જળ

(C) તેજ (D) આકાશ

**13.** The Gita ideal of nishkama karma is a middle path between

(A) Karma and akarma

(B) Jnana and ajnana

(C) Pravritti and nivritti

(D) Egoism and altruism

**13.** ગીતાનો 'નિષ્કામ કર્મ' નો આદર્શ એ ______ વચ્ચેનો મધ્યમ માર્ગ છે.

(A) કર્મ અને અકર્મ

(B) જ્ઞાન અને અજ્ઞાન

(C) પ્રવૃતિ અને નિવૃતિ

(D) અહંવાદ અને પરોપકાર

**14.** The main reason for the downfall of the Charvakas was

(A) Rejection of God

(B) Denial of all human values that make life worth living

(C) Denial of soul

(D) Rejection of vedic authority and Brahmin priests

**14.** ચાર્વાકના પતનનું મુખ્ય કારણ

(A) ઈશ્વર નો અસ્વીકાર

(B) મૂલ્યલક્ષી જીવન જીવવા માટેના માનવીય મૂલયોનો નકાર

(C) આત્માનો અસ્વીકાર

(D) બ્રાહ્મણ ધર્મગુરુઓ અને વૈદિક માન્યતાનો નકાર

15. In Buddhism, Janma-marana-chakra is the name for
(A) Anekantavada
(B) Shunyavada
(C) Pratityasamutpāda
(D) Chittavrittinirodha

16. In the Samkhya system, sattva, rajas and tamas are the
(A) Constituent elements of Prakriti
(B) Attributes of Prakriti
(C) Attributes of Purusha
(D) Constituents of Purusha

17. In the Yoga system, God is
(A) The creator, preserver and destroyer of the world
(B) He is the giver of the fruits of actions
(C) He is unlimited and infinite
(D) He is only a special Purusha

18. Which of the following is NOT a substances according to the Vaisheshika ?
(A) Samavaya (B) Earth
(C) Time (D) Fire

19. According to the Nyaya system, whatever has smoke has fire, eg. stove, is
(A) Pratijna
(B) Hetu
(C) Nigamana
(D) Udaharana

15. બૌદ્ધદર્શનમાં કોના સંદર્ભે 'જન્મ-મરણ-ચક્ર' નો વિચાર છે ?
(A) અનેકાન્તવાદ
(B) શૂન્યવાદ
(C) પ્રતિત્યસમુત્પાદવાદ
(D) ચિત્તવૃત્તિનિરોધ

16. સાંખ્યદર્શનમાં સત્ય, રજસ, તમસ _____ છે.
(A) પ્રકૃતિના બંધારણીય ઘટકો
(B) પ્રકૃતિના ગુણો
(C) પુરુષના ગુણો
(D) પુરુષના બંધારણીય ઘટકો

17. યોગદર્શનમાં ઈશ્વર _____ છે.
(A) જગતના સર્જક, પાલક અને સંહારક
(B) કર્મફળપ્રદાતા
(C) અમર્યાદિત અને અનંત
(D) માત્ર વિશેષ પુરુષ

18. વૈશેષિકો અનુસાર નીચેનામાંથી ક્યું દ્રવ્ય નથી ?
(A) સમવાય (B) પૃથ્વી
(C) કાળ (D) અગ્નિ

19. ન્યાય દર્શન અનુસાર 'જ્યાં જ્યાં ધુમાડો, ત્યાં ત્યાં અગ્નિ. દા.ત. રસોડામાં' _____ છે.
(A) પ્રતિજ્ઞા
(B) હેતુ
(C) નિગમન
(D) ઉદાહરણ (સહિત વ્યાપ્તિ)

**20.** In the Vedanta, "shell-silver" is an example of

(A) Moksha

(B) Adhyāsa

(C) Bhavachakra

(D) Eternality

**21.** What does <u>dialogue</u> mean, for Plato ?

(A) Art of thinking on concepts

(B) Art of cultivating morality

(C) Art of perceiving world

(D) Art of writing

**22.** In St. Agustine's theological account of the problem of evil, evil is defined as

(A) Absolute

(B) A privation of the good

(C) The highest good

(D) Supreme power

**23.** According to David Hume, all knowledge can be divided into

(A) Matters of fact and relation of ideas

(B) Matters of fact and spiritual facts

(C) Spiritual facts and material facts

(D) Mathematical knowledge and spiritual knowledge

**20.** વેદાન્તમાં 'શક્તિ -રજત' એ_____નું ઉદાહરણ છે.

(A) મોક્ષ

(B) અધ્યાસ

(C) ભવચક્ર

(D) અનંતતા

**21.** પ્લેટો અનુસાર <u>સંવાદ</u> નો અર્થ શું છે ?

(A) ખ્યાલો અંગે વિચારણા કરવાની કલા

(B) નૈતિક મૂલ્યો કેળવવાની કલા

(C) જગતને જોવાની કલા

(D) લેખનની કલા

**22.** સંત ઓગસ્ટાઈન અનુસાર અનિષ્ટની સમસ્યાના ઈશ્વરવાદી અભિગમમાં, અનિષ્ટ _______ રીતે વ્યાખ્યાયિત થાય છે.

(A) નિરપેક્ષ

(B) શ્રેયથી અલગતા

(C) પરમ શ્રેય

(D) ઉચ્ચતમ શક્તિ

**23.** ડેવિડ હ્યુમ અનુસાર તમામ જ્ઞાનને _____માં વિભાજિત કરી શકાય.

(A) વાસ્તવિક હકીકતો અને ખ્યાલોના સંબંધો

(B) વાસ્તવિક હકીકતો અને આધ્યાત્મિક હકીકતો

(C) આધ્યાત્મિક હકીકતો અને ભૌતિક હકીકતો

(D) ગાણિતિક જ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન

**24.** Which one of the following statements hold true for George Berkeley ?

(A) Primary qualities and secondary qualities are inseparable

(B) Primary and secondary qualities are inherently present in the body

(C) Only primary qualities are real

(D) Only secondary qualities are fictitious

**25.** According to Immanuel Kant, ______ kind of judgements add to our knowledge.

(A) Analytic judgements

(B) Synthetic–apriori judgements

(C) Aposteriori judgements

(D) Analytic–apriori judgements

**26.** ________ belongs to the categories of relation in Kant's philosophy.

(A) Totality

(B) Possibility and necessity

(C) Inherence and subsistence

(D) Necessity and contingency

**27.** ______ is of the view that 'Being is rational and can be comprehended meaningfully in thought'.

(A) Martin Heidegger

(B) Immanuel Kant

(C) W. H. Hegel

(D) Benedict Spinoza

**24.** જ્યોર્જ બર્કલે અનુસાર નીચેનામાથી ક્યું વિધાન સત્ય છે ?

(A) પ્રાથમિક ગુણો અને ગૌણ ગુણો અવિભાજિત છે

(B) પ્રાથમિક અને ગૌણ ગુણો શરીરમાં સ્વાભાવિક રીતે હાજર છે

(C) માત્ર પ્રાથમિક ગુણો વાસ્તવિક છે

(D) માત્ર ગૌણ ગુણો કાલ્પનિક છે

**25.** ઈમ્મેન્યુઅલ કાન્ટ અનુસાર ______ પ્રકારના નિર્ણયો આપણાં જ્ઞાનમા વૃદ્ધી કરે છે.

(A) વિશ્લેષક નિર્ણયો

(B) સંશ્લેષક–અનુભવનિરપેક્ષ નિર્ણયો

(C) અનુભવસાપેક્ષ નિર્ણયો

(D) વિશ્લેષક–અનુભવનિરપેક્ષ નિર્ણયો

**26.** ______ કાંતનાં તત્વચિંતનમાં સંબંધનાં માધ્યમ સાથે જોડાયેલું છે.

(A) પૂર્ણતા

(B) અનિવાર્યતાની શક્યતા

(C) સમવાય અને આધાર

(D) અનિવાર્યતા અને અનિશ્ચિતતા

**27.** 'સત્ બૌધ્ધિક છે અને બુધ્ધિ માં તેને સાર્થક રીતે પામી શકાય છે.' – આ માન્યતા કોની છે ?

(A) માર્ટિન હેડેગર

(B) ઈમ્મેન્યુઅલ કાન્ટ

(C) ડબલ્યુ .એચ. હેગલ

(D) બેનેડિકટ સ્પીનોઝ

28. Ontological argument was given by
(A) Socrates (B) Plato
(C) Anselm (D) Aristotle

29. Who gave the theory of Tabula Rasa ?
(A) Kant (B) Hegel
(C) Hume (D) Locke

30. What are the criteria of truth in Descartes' epistemology ?
(A) Knowledge must be self-evident, certain and indubitable
(B) Knowledge must be simple and indistinct
(C) Knowledge must be distinctly perceived and absolutely uncertain
(D) Knowledge must be certain and doubtful as well

31. How does Spinoza define modes ?
(A) A way of knowing the world
(B) Affection or modification of substance
(C) Manifestation of the God
(D) Knowledge of the individual mind

32. Who was an Empiristis and idealist at the same time ?
(A) Locke (B) Berkley
(C) Kant (D) Hume

33. In Indian ethics, śreyas refers to
(A) What is likeable
(B) What is worthy
(C) What is other worldly
(D) What is attractive

28. સત્તામૂલક સાબિતી ______ આપી હતી.
(A) સૉક્રેટીસ (B) પ્લેટો
(C) એન્સેલ્મ (D) એરિસ્ટોટલ

29. 'Tabula Rasa' નો સિધ્ધાંત કોણે આપ્યો ?
(A) કાન્ટ (B) હેગલ
(C) હ્યૂમ (D) લોક

30. ડેકાર્ટની જ્ઞાનમીમાંસામાં સત્યના માપદંડો ક્યાં છે ?
(A) જ્ઞાન સ્વત: સિદ્ધ, સ્પષ્ટ અને નિર્ભ્રાંત હોવું જોઈએ
(B) જ્ઞાન સરળ અને અ-નિર્ભ્રાંત હોવું જોઈએ
(C) જ્ઞાન સ્પષ્ટ પ્રત્યક્ષીકરણવાળું અને નિરપેક્ષ રીતે અનિશ્ચિત હોવું જોઈએ
(D) જ્ઞાન ચોક્કસ અને સાથે શંકાસ્પદ હોવું જોઈએ

31. સ્પિનોઝ પર્યાય (modes) ને કઈ રીતે વ્યાખ્યાયિત કરે છે ?
(A) જગતને જાણવાની રીત
(B) દ્રવ્યમાં પરિવર્તન કે અસરકારકતા
(C) ઈશ્વરની અભિવ્યક્તિ
(D) વ્યક્તિગત મન અંગેનું જ્ઞાન

32. નીચેનામાંથી કોણ એકસાથે અનુભવવાદી અને વિચારવાદી છે ?
(A) લોક (B) બર્કલે
(C) કાન્ટ (D) હ્યૂમ

33. ભારતીય નીતિશાસ્ત્રમાં શ્રેયસ એટલે
(A) જે પસંદ પડે તેવું છે
(B) જે યોગ્ય છે
(C) જે પારલૌકિક છે
(D) જે આકર્ષક છે

**34.** Dharma, artha, kama and moksha are

(A) A combination of material and spiritual values

(B) All material values

(C) All spiritual values

(D) A moral concepts

**35.** In Indian ethics, the principle that regulates society is

(A) Kama

(B) Moksha

(C) Dharma

(D) Adharma

**36.** The unseen merits and demerits of actions is

(A) ṛta (B) Atman

(C) Dharma (D) Adṛṣṭa

**37.** In Jainism, the wearing out of Karmic matter is

(A) Nirjara

(B) Samvara

(C) Trsna

(D) Nirvana

**38.** The law of karma

(A) Is the principle of cause and effect

(B) Is the principle of causation in the moral sphere

(C) Is the path leading to sense enjoyment

(D) Is the path of inaction

**34.** ધર્મ , અર્થ, કામ અને મોક્ષ એ ____ છે.

(A) ભૌતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું મિશ્રણ

(B) તમામ ભૌતિક મૂલ્યો

(C) તમામ આધ્યાત્મિક મૂલ્યો

(D) નૈતિક ખ્યાલો

**35.** ભારતીય નીતિમીમાંસામાં જે સિદ્ધાંતો સમાજનું નિયમન કરે છે તે _____ છે.

(A) કામ

(B) મોક્ષ

(C) ધર્મ

(D) અધર્મ

**36.** પાપ અને પૂણ્યનો સમૂહ _____ કહેવાય છે.

(A) ઋતુ (B) આત્મા

(C) ધર્મ (D) અદૃષ્ટ

**37.** જૈન દર્શન અનુસાર કષાયનું ક્ષીણ થવું એટલે

(A) નિર્જરા

(B) સંવર

(C) ત્રસ

(D) નિર્વાણ

**38.** કર્મનો નિયમ એ

(A) કાર્ય અને કારણનો નિયમ છે

(B) નૈતિકતાના ક્ષેત્રમાં કાર્યકારણ નો નિયમ છે

(C) ઈન્દ્રિયસુખ પ્રતિ દોરી જનારો માર્ગ છે

(D) નિવૃતિનો માર્ગ છે

39. The law of Karma implies which of the following ?
(A) Rebirth
(B) Death
(C) God
(D) Truth

40. The triratna are the ethical principles of
(A) Buddhism
(B) Jainism
(C) Bhagvad Gita
(D) Charvakas

41. The Sthitaprajna, according to the Bhagvad Gita, acquires
(A) Material pleasures
(B) Samadhi
(C) Equanimity
(D) Dislike for the world

42. Which of the following is NOT an element of ashtanga yoga ?
(A) Dharana
(B) Asana
(C) Pratyahara
(D) Vyavahara

43. Which of the following is true about Kant's postulates of morality ?
(A) They are the forms of the categorical imperative
(B) They are meaningless assertions
(C) They change according to time and place
(D) Without them, morality would not be meaningful

39. કર્મનો નિયમએ નીચેનામાથી શું અભિપ્રેત છે ?
(A) પુનર્જન્મ
(B) મૃત્યુ
(C) ઈશ્વર
(D) સત્ય

40. ત્રિરત્ન એ _____ ના નૈતિક સિધ્ધાંતો છે.
(A) બૌદ્ધદર્શન
(B) જૈન દર્શનબ
(C) ભગવદગીતા
(D) ચાર્વાકો

41. ભગવદગીતા અનુસાર સ્થિતપ્રજ્ઞ _____ પ્રાપ્ત કરે છે.
(A) ભૌતિક સુખ
(B) સમાધિ
(C) સમત્વ
(D) જગત પ્રત્યે અરુચિ

42. નીચેનામથી ક્યું અષ્ટાંગયોગનું અંગ નથી ?
(A) ધારણા
(B) આસન
(C) પ્રત્યાહાર
(D) વ્યવહાર

43. કાન્ટના નીતિશાસ્ત્રના ગૃહિતોના સંદર્ભે નીચેનામાંથી ક્યું સત્ય છે ?
(A) તે નિરૂપાધિક આદેશને લગતા પદો છે
(B) તે અર્થહીન ભારપૂર્વકના નિવેદનો છે
(C) સ્થળ અને કાળ અનુસાર તે બદલાય છે
(D) તેમના વગર નીતિમત્તા અર્થપૂર્ણ બની શક્તિ નથી

44. According to the principle of utility, which of the following is acceptable ?
(A) A student must study because it is his duty
(B) Belief in God has intrinsic value
(C) I must earn lot of money because it will help me to acquire the pleasures of life
(D) I must speak the truth because it is right to do so

45. Ethical statements express likes and dislikes, is true of
(A) Emotivism
(B) Prescriptivism
(C) Utilitarianism
(D) Egoism

46. "An eye for an eye and a tooth for a tooth," is related to which theory of punishment ?
(A) Retributive
(B) Deterrent
(C) Causal
(D) Reformative

47. The purpose of Bentham's hedonistic calculus is to
(A) Measure the quality of pleasures
(B) Present a hierarchy of pleasures
(C) Quantify pleasure
(D) Prescribe a life of pleasure

44. ઉપયોગીતાના સિધ્ધાંત મુજબ નીચેનામાંથી શું સ્વીકૃત છે?
(A) વિધ્યાર્થીએ ભણવું જોઈએ,કેમ કે, એ તેની ફરજ છે
(B) ઈશ્વરમાં માનવાનુ અંતર્ગત મૂલ્ય છે
(C) મારે ખૂબ ધન કમાવું જોઈએ, કેમ કે, તે મને જીવનના સુખો પ્રાપ્ત કરવામાં મદદ કરશે
(D) મારે સત્ય બોલવું જોઈએ, કેમ કે, તેમ કરવું યોગ્ય છે

45. નૈતિક વિધાનો ગમા- અણગમાને અભિવ્યક્ત કરે છે – આમ ____ પ્રમાણે સત્ય છે.
(A) સંવેગવાદ અથવા ભાવનાવાદ
(B) નિર્દેશવાદ
(C) ઉપયોગીતાવાદ
(D) અહંવાદ

46. 'આંખના બદલે આંખ, અને દાંતના બદલે દાંત'- આ બાબત સજાના ક્યાં સિધ્ધાંત સાથે સંલગ્ન છે?
(A) પ્રતિકારલક્ષી
(B) અવરોધલક્ષી
(C) કારણલક્ષી
(D) સુધારણાલક્ષી

47. બેન્થામના સુખવાદી કલન (calculus) નો હેતુ ______ છે.
(A) સુખની ગુણવતાને માપવાનો
(B) સુખની કામબદ્ધતા દર્શાવવાનો
(C) સુખની સંખ્યાત્મકતા દર્શાવવાનો
(D) સુખી જીવનને વર્ણવવાનો

**48.** Voluntary actions of men can be judged as

(A) Right and wrong

(B) Personal and impersonal

(C) Sweet and sour

(D) Religious and spiritual

**48.** માણસના સંકલ્પપ્રેરિત વર્તનનો નિર્ણય ——— તરીકે થઈ શકે.

(A) યોગ્ય અને અયોગ્ય

(B) વ્યક્તિગત અને વ્યક્તિ નિરપેક્ષ

(C) ખાટા અને મીઠા

(D) ધાર્મિક અને આધ્યાત્મિક

**49.** The highest good is

(A) Instrumental, leading to other goods

(B) A bodily good, like food, good health

(C) A relative good

(D) Not a means to any other higher good

**49.** સર્વોચ્ચ શ્રેય એ

(A) અન્ય શ્રેય પ્રત્યે દોરી જનાર સાધન

(B) શારીરિક શ્રેય– સારા ભોજન કે સારા આરોગ્યની જેમ

(C) સાપેક્ષ શ્રેય

(D) અન્ય કોઈ ઉચ્ચ શ્રેયનું સાધન નહીં

**50.** Hedonism is a

(A) Deontological ethical theory

(B) Forms of emotivism

(C) Teleological ethical theory

(D) Theory of natural values

**50.** સુખવાદ એ ——— છે.

(A) પરિણામ-નિરપેક્ષ નૈતિક સિધ્ધાંત

(B) સંવેગવાદ કે ભવનાવાદ

(C) હેતુવાદી નૈતિક સિધ્ધાંત

(D) કુદરતી મૂલયોનો સિધ્ધાંત

**51.** When J.S. Mill says, that some kinds of pleasure are more desirable and valuable than others, it is an assertion about

(A) The quantity of pleasures

(B) The nearness of pleasures

(C) The futility of pleasures

(D) The quality of pleasures

**51.** જયારે જે. એસ. મિલ કહે છે કે,"અમુક પ્રકારના સુખો બીજા સુખો કરતા વધુ ઈચ્છનીય અને મૂલ્યવાન છે" ત્યારે તેઓ ——— ની વાત કરે છે.

(A) સુખની સંખ્યાત્મકતા

(B) સુખની સમીપતા

(C) સુખની નિર્થકતા

(D) સુખની ગુણવતા

**52.** Eudaemonism is

(A) The ethics of perfectionism

(B) The theory of altruism

(C) A materialistic world view

(D) A form of spiritualism

**52.** 'Eudaemonism' એ ——— છે.

(A) આત્માપૂર્ણતાનું નીતિશાસ્ત્ર

(B) પરોપરારનો સિદ્ધાંત

(C) જગત પ્રત્યેનો ભૌતિક્વાદી અભિગમ

(D) અધ્યાત્મની પરિભાષા

53. "Religion is the awakening of spirituality in man", was said by
(A) Mimamsa
(B) Buddha
(C) Swami Vivekananda
(D) K.C. Bhattacharya

54. According to Swami Vivekananda, which of the following is the watch-word for Universal Religion ?
(A) Acceptance
(B) Tolerance
(C) Liberation
(D) Governance

55. Shantiniketan pattern of education began with
(A) Vidyasagar
(B) Bankim Chandra Chatterjee
(C) Rabindranath Tagore
(D) Raja Rammohan Roy

56. Tagore was strongly against
(A) Accepting the reality of the world
(B) Institutional religion
(C) Universal religion
(D) Belief in god

57. One caste, one religion, one god, is the philosophy given by
(A) Mahatma Gandhi
(B) Mahatma Phule
(C) Swami Vivekananda
(D) Narayana Guru

53. 'ધર્મ એ મહાસમાં અધ્યાત્મ જગાડનાર છે'. આમ કોણે કહ્યું છે ?
(A) મીમાંસા
(B) બુદ્ધ
(C) સ્વામી વિવેકાનંદ
(D) કે. સી. ભટ્ટચાર્ય

54. સ્વામી વિવેકાનંદ અનુસાર સાર્વત્રિક ધર્મ માટેનું મુખ્ય સૂત્ર શું છે?
(A) સ્વીકૃતિ
(B) સહિષ્ણુતા
(C) મોક્ષ
(D) વ્યવસ્થા

55. શાંતિનિકેતન મુજબની શિક્ષણ-વ્યવસ્થા ____ થી શરૂ થઇ.
(A) વિદ્યાસાગર
(B) બંકિમ ચંદ્ર ચેટરજી
(C) રવીન્દ્રનાથ ટાગોર
(D) રાજા રામમોહન રોય

56. ટાગોર ____ સખત વિરોધી હતા.
(A) જગતની સત્તા સ્વીકારવાના
(B) સંસ્થાકીય ધર્મ
(C) સાર્વત્રિક ધર્મ
(D) ઈશ્વરમાં માન્યતા

57. 'એક જાતિ, એક ધર્મ, એક ઈશ્વર'. આ કોનું મંતવ્ય છે ?
(A) મહાત્મા ગાંધી
(B) મહાત્મા ફૂલે
(C) સ્વામી વિવેકાનંદ
(D) નારાયણ ગુરુ

**58.** Integral yoga is the philosophy of
(A) Deen Dayal Upadhyaya
(B) Sri Aurobindo
(C) Dr. B. R. Ambedkar
(D) J. Krishnamurthy

**59.** The technique of ahimsa according to Mahatma Gandhi is
(A) Satyagraha
(B) Bhakti
(C) Prapatti
(D) Ashtanga yoga

**60.** Which of the following is NOT a characteristic of the absolute, according to Radhakrishnan ?
(A) Spirituality
(B) Infinity
(C) Eternity
(D) Momentary

**61.** In the radical humanism of M.N. Roy
(A) God is at the centre of all things
(B) God and the world are identical
(C) Man is sovereign
(D) God and man are inseparable

**62.** M.N. Roy's humanist philosophy is
(A) Materialistic in nature
(B) Transcendental
(C) Pantheistic
(D) Religious

**58.** પૂર્ણયોગ એ ——નો વિચાર છે.
(A) દીનદયાળ ઉપાધ્યાય
(B) શ્રી અરવિંદ
(C) ડૉ. બી.આર. આંબેડકર
(D) જે. કૃષ્ણમૂર્તિ

**59.** મહાત્મા ગાંધી અનુસાર અહિંસાની પદ્ધતિ —— છે.
(A) સત્યાગ્રહ
(B) ભક્તિ
(C) પ્રપતિ
(D) અષ્ટાંગ યોગ

**60.** રાધાક્રિષ્ણન અનુસાર, નીચેનામાંથી કયું અંતિમ તત્વનું લક્ષણ નથી ?
(A) અધ્યાત્મિક
(B) અનંતતા
(C) શાશ્વતતા
(D) ક્ષણભંગપણું

**61.** એમ. એન. રોયના કટ્ટર માનવવાદ અનુસાર
(A) તમામ વસ્તુઓનું કેન્દ્ર ઈશ્વર છે
(B) ઈશ્વર અને જગત વચ્ચે તાદાત્મ્ય છે
(C) માણસ પાસે સંપ્રભુતા છે
(D) ઈશ્વર અને માણસ અવિભાજ્ય છે

**62.** એમ. એન. રોયનો માનવવાદી અભિગમ —— છે.
(A) સ્વરૂપે ભૌતિક્વાદી
(B) પારલૌકિક
(C) સર્વેશ્વરવાદી
(D) ધાર્મિક

63. According to Frege sense and reference are two sides of what ?

(A) Fact

(B) State-of-affair

(C) Proposition

(D) Idea

64. According to positivists 'Pseudo language' is

(A) Self-contradictory

(B) True

(C) False

(D) Doubtful

65. According to positivists, truth of proposition is dependent on

(A) Correspondence theory

(B) Coherence theory

(C) Pragmatic theory

(D) Cartesian theory

66. Analytic propositions are ______.

(A) Aposteriori

(B) False

(C) Apriori

(D) Doubtful

67. According to positivists, which type of language is meaningless ?

(A) Logical

(B) Mathematical

(C) Hypothetical

(D) Metaphysical

63. ફ્રેગે અનુસાર અર્થ અને વસ્તુસૂચકતા એ કોના બે પાસાઓ છે ?

(A) હકીકત

(B) સ્ટેટ ઓફ અફેર

(C) વિધાન

(D) ખ્યાલ

64. પ્રત્યક્ષવાદીઓ અનુસાર અર્થહીન ભાષા એટલે,

(A) સ્વ-વ્યાઘાતી

(B) સત્ય

(C) અસત્ય

(D) શંકાસ્પદ

65. પ્રત્યક્ષવાદીઓ અનુસાર વિધાનની સત્યતા ______ પર આધારિત છે.

(A) અનુરૂપ્તાનો સિદ્ધાંત

(B) સુસંગતતાનો સિદ્ધાંત

(C) વ્યવહારવાદી સિદ્ધાંત

(D) કાર્તેસિયન સિદ્ધાંત

66. વિશ્લેષક વિધાનો ____ હોય છે.

(A) અનુભવસાપેક્ષ

(B) અસત્ય

(C) અનુભવનિરપેક્ષ

(D) શંકાસ્પદ

67. પ્રત્યક્ષવાદીઓ અનુસાર કયા પ્રકારની ભાષા અર્થહિન છે ?

(A) તાર્કિક

(B) ગાણિતિક

(C) સિદ્ધાંત-કલ્પતાવાળી

(D) તત્વમીમાંસકીય

**68.** According to Moore, subjective idealism is committing mistake by considering

(A) Object and its idea as identical

(B) Object and its truth as final

(C) Subject and object as different

(D) Subject and object as opposite

**69.** According to Russell, which among following shows indefinite description ?

(A) Someone came

(B) Mr. X has come

(C) India's first President

(D) This fan is off

**70.** Early Wittgenstein was promoter of

(A) Common language

(B) Artificial language

(C) Word cannot express simple object

(D) Word cannot have apriori meaning

**71.** Who believes that world is NOT a totality of objects, but it is a totality of facts ?

(A) Descartes

(B) Socrates

(C) Immanuel Kant

(D) Wittgenstein

**68.** મૂર અનુસાર જ્ઞાતાનિષ્ઠ વિચારવાદ ____ ને લઈને દોષ કરે છે.

(A) વસ્તુ અને તેના વિચારમાં તાદાત્મ્ય-માનવા

(B) વસ્તુ અને તેના સત્યને આખરી માનવા

(C) જ્ઞાતા અને વિષયને અલગ માનવા

(D) જ્ઞાતા અને વિષયને વિરોધી માનવા

**69.** રસેલ અનુસાર નીચેનામાંથી કયું અનિર્ધારિત વર્ણન છે ?

(A) કોઈક આવ્યું

(B) શ્રીમાન X આવ્યા

(C) ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ

(D) આ પંખો બંધ છે

**70.** પૂર્વવર્તી વિટગેન્સ્ટાઈન ____ના સમર્થક હતા.

(A) સાધારણ ભાષા

(B) કૃત્રિમ ભાષા

(C) શબ્દ સામાન્ય વિષયને અભિવ્યક્ત કરતા નથી

(D) શબ્દને નિરપેક્ષ અર્થ નથી

**71.** જગતએ વસ્તુઓની સમગ્રતા નથી, પરંતુ હકીકતોની સમગ્રતા છે, તેમ કોણ માને છે ?

(A) ડેકાર્ટ

(B) સોક્રેટીસ

(C) ઇમ્મેન્યુઅલ કાન્ટ

(D) વિટગેન્સ્ટાઇન

72. Which are two facets of Husserl's phenomenology ?
(A) Phenomenal and ethical
(B) Epoche and epistemological
(C) Epoche and reduction
(D) Reduction and inclusion

73. Danda niti means
(A) Art of governance
(B) Principles of religion
(C) Theories of punishment
(D) Theories of morality

74. Which of the following is NOT true of Kautilya's views on society ?
(A) he believed in the Vedic conception of four Varnas
(B) he gave importance to the ashramas-the four orders of social life
(C) he gave women a respectable status in society
(D) his concept of social order was rigid and conservative

75. Which of the following is NOT an element of the State in Kautilya ?
(A) King
(B) Queen
(C) Kosha (treasury)
(D) Amatya

76. Kautilya's Arthashastra mainly deals with
(A) The arts and crafts
(B) The principles of mathematics
(C) Art of government
(D) Economics

72. હુસર્લની પ્રતિભાસમીમાંસાના બે પાસાઓ ક્યા છે ?
(A) પ્રતિભાસમાન અને નૈતિક
(B) એપોક અને જ્ઞાનમીમાંસા
(C) એપોક અને રિડકશન
(D) રિડકશન અને ઇન્કલુઝન

73. દંડનીતિ એટલે
(A) વ્યવસ્થાપનની કલા
(B) ધર્મના સિદ્ધાંતો
(C) સજાના સિદ્ધાંતો
(D) નીતિમત્તાના સિદ્ધાંતો

74. કૌટિલ્યના સમાજ અંગેના વિચારો માટે નીચેનામાંથી કયું સત્ય નથી ?
(A) તેઓ ચાર વર્ણોના વૈદિક ખ્યાલને માને છે
(B) તેઓ આશ્રમ – સામાજિક જીવનના ચાર તબક્કાઓ-ને મહત્વ આપે છે
(C) તેઓ સ્ત્રીઓને સમાજમાં માનપૂર્વકનો દરજ્જો આપે છે
(D) તેમનો સામાજિક વ્યવસ્થાનો ખ્યાલ કઠોર અને રૂઢિચુસ્ત છે

75. કૌટિલ્ય અનુસાર નીચેનામાંથી શું રાજ્યનું તત્વ નથી ?
(A) રાજા
(B) રાણી
(C) કોશ
(D) અમાત્ય

76. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર મુખ્યત્વે ______ ને લગતું છે.
(A) કલા અને કૌશલ્ય
(B) ગાણિતિક સિદ્ધાંતો
(C) વ્યવસ્થાપનની કલા
(D) અર્થશાસ્ત્ર

77. Fundamental rights stand for
(A) The foundation of family
(B) Regulating religious practices
(C) Rights of the capitalist class
(D) Basic rights of citizens which cannot be taken away by any law

78. Which of the following is NOT a fundamental right ?
(A) Right to conversion
(B) Right to freedom
(C) Right to equality
(D) Right against exploitation

79. The ideal of Swadeshi intended to
(A) Encourage the import of foreign goods in the Indian market
(B) Encourage people to wear Indian traditional clothes
(C) Make every village a self-supporting unit
(D) To bring village culture to big cities

80. Which of the following is a technique of Satyagraha ?
(A) Violent protest
(B) Use of lies
(C) Fighting for justice in the name of religion
(D) Non-cooperation

81. Social justice involves the principle of
(A) Equity or fairness
(B) Equality or sameness
(C) Discrimination on the basis of social status
(D) Favouring the intelligent

77. મૂળભૂત અધિકારો ____ માટે છે.
(A) કુટુંબના આધાર
(B) ધાર્મિક પ્રવૃત્તિની વ્યવસ્થા
(C) મૂડીવાદી વર્ગના હક્કો
(D) કોઈપણ કાયદા દ્વારા લઇ ન શકાય તેવા, નાગરિકોના મુખ્ય હક્કો

78. નીચેનામાંથી કયું મૂળભૂત અધિકાર નથી?
(A) ધાર્માંતરણનો અધિકાર
(B) સ્વાતંત્ર્યનો અધિકાર
(C) સમાનતાનો અધિકાર
(D) શોષણ સામેનો અધિકાર

79. સ્વદેશીના આદર્શ અનુસાર
(A) ભારતીય બજારમાં પરદેશી સામાનની આયાતને પ્રોત્સાહન આપવું
(B) લોકોને ભારતીય પરંપરાગત પોષાક પહેરવા પ્રોત્સાહિત કરવા
(C) દરેક ગામડાને સ્વનિર્ભર બનાવવા
(D) મોટા શહેરોમાં ગામડાની સંસ્કૃતિને લાવવી.

80. નીચેનામાંથી કઈ સત્યાગ્રહની પદ્ધતિ છે ?
(A) હિંસક પ્રતિકાર
(B) અસત્યનો પ્રયોગ
(C) ધર્મના નામે ન્યાય માટે લડવું
(D) અસહકાર

81. સામાજિક ન્યાયમાં ____ સિદ્ધાંત સમાયેલો છે.
(A) હિસ્સેદારી અથવા વાજબીપણું
(B) સમાનતા અથવા સરખાપણું
(C) સામાજિક હોદાના આધારે ભેદભાવ
(D) બૌધિકોનો પક્ષ કરવો

**82.** Social institutions are also called
(A) Socio-cultural organizations
(B) Moral institutions
(C) Industrial units
(D) Man-made associations

**83.** Which are three major principles seen in the development of Feminism ?
(A) Liberal, Social and Radical
(B) Ideal, Social and Spiritual
(C) Liberal, Spiritual and Marxist
(D) Radical, Social and Marxist

**84.** Which is considered as a pioneer text of feminism ?
(A) The Second Sex
(B) The Black Woman
(C) A Vindication of the Rights of Women
(D) The Subjection of Women

**85.** According to social feminism, which is the main cause of exploitation of women ?
(A) Class-division
(B) Religious texts
(C) Biological difference
(D) Political issues

**86.** By which name Rawls called his theory of justice ?
(A) Pure Procedural Justice
(B) Liberal Feminist Justice
(C) Spiritual Justice
(D) Radical Justice

**82.** સામાજિક સંસ્થાઓ ____પણ કહેવાય છે.
(A) સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થા
(B) નૈતિક સંસ્થાઓ
(C) ઔદ્યોગિક એકમો
(D) માણસોએ બનાવેલ સંગઠનો

**83.** નારીવાદીના વિકાસમાં ક્યા મુખ્ય ત્રણ પ્રવાહો જણાય છે?
(A) ઉદારવાદી, સામાજિક અને કટ્ટર
(B) આદર્શ, સામાજિક અને આધ્યાત્મિક
(C) ઉદારવાદી, આધ્યાત્મિક અને માર્ક્સવાદી
(D) કટ્ટર, સામાજિક અને માર્ક્સવાદી

**84.** નારીવાદની મૂળ અગ્રણી ગણાતી પુસ્તક કઈ છે ?
(A) The Second Sex
(B) The Black Woman
(C) A Vindication of the Rights of Women
(D) The Subjection of Women

**85.** સામાજિક નારીવાદ અનુસાર, નારીઓના શોષણનું મુખ્ય કારણ કયું છે ?
(A) વર્ગ-વિભાજન
(B) ધાર્મિક ગ્રંથો
(C) શારીરિક ભિન્નતા
(D) રાજકીય બાબતો

**86.** રોલ્સ પોતાના ન્યાય અંગેના સિદ્ધાંતને શું કહે છે ?
(A) શુદ્ધ પ્રક્રિયાત્મક ન્યાય
(B) ઉદારવાદી નારીવાદી ન્યાય
(C) આધ્યાત્મિક ન્યાય
(D) કટ્ટર ન્યાય

**87.** According to Rawls, basic problem of Justice is the problem of distributive justice of

(A) Primary Goods
(B) Luxurious Goods
(C) Electronic Goods
(D) Psychological Elements

**88.** Who said that – Justice is not an 'ethic of rewards', but an 'ethic of redress' ?

(A) Plato (B) Aristotle
(C) Nozick (D) Rawls

**89.** Nozick believes in

(A) Open market system
(B) Welfare State
(C) Welfare Society
(D) Anarchy

**90.** Which among the following is Marx's theory ?

(A) Theories of Ideas
(B) Phenomenalism
(C) Dialectic materialism
(D) Falsificationism

**91.** According to Marx, which are the two classes in capitalist society ?

(A) Bourgeoise and Proletariat
(B) Individual and Society
(C) Man and Society
(D) Society and State

**92.** Which is the theory of Multiculturalism that see no need of change ?

(A) Salad Bowl Theory
(B) Melting Pot theory
(C) Mosaic theory
(D) Plural theory

**87.** રોલ્સ અનુસાર, ન્યાયની મુખ્ય સમસ્યા એ ....... ના વિતરણના ન્યાયની સમસ્યા છે.

(A) પ્રાથમિક સામાન
(B) વૈભવી સામાન
(C) ઇલેક્ટ્રોનિક સામાન
(D) માનસિક બાબતો

**88.** 'ન્યાય એ પુરસ્કારનો સિદ્ધાંત નથી, પણ ક્ષતિપૂર્તિનો સિદ્ધાંત છે.' તેમ કોણ કહે છે

(A) પ્લેટો (B) એરિસ્ટોટલ
(C) નોઝિક (D) રોલ્સ

**89.** નોઝિક ______ માં માને છે.

(A) ખૂલી બજાર વ્યવસ્થા
(B) કલ્યાણકારી રાજ્ય
(C) કલ્યાણકારી સમાજ
(D) અરાજકતા

**90.** નીચેનામાંથી માર્ક્સનો સિદ્ધાંત કયો છે?

(A) વિચાર તરતનો સિદ્ધાંત
(B) પ્રતિભાસમીમાંસા
(C) દ્વંદ્વાત્મક ભૌતિકવાદ
(D) અસત્યતાપ્રદાન

**91.** માર્ક્સ અનુસાર મૂડીવાદી સમાજના મુખ્ય બે વર્ગો કયા છે?

(A) શ્રીમંત અને શ્રમિક
(B) વ્યક્તિ અને સમાજ
(C) માણસ અને સમાજ
(D) સમાજ અને રાજ્ય

**92.** બહુસંસ્કૃતિવાદનો કયો સિદ્ધાંત પરિવર્તનને અભિપ્રેત કરતો નથી?

(A) સલાડ – બાઉલ સિદ્ધાંત
(B) મેલ્ટિંગ પોટ સિદ્ધાંત
(C) મોઝેક સિદ્ધાંત
(D) પ્લુરલ સિદ્ધાંત

**93.** Determine the truth value of the given proposition :

$((p \vee q) \vee (\sim q \vee p))$

(A) Tautology
(B) False
(C) Contradiction
(D) Contingent

**93.** આપેલા વિધાનનું સત્યતામૂલ્ય જણાવો:

$((p \vee q) \vee (\sim q \vee p))$

(A) તદેવાર્થક
(B) અસત્ય
(C) સ્વ-વ્યાઘાતી
(D) પરાયત

**94.** State the figure and mood of the given syllogistic argument.

All cricketers are athletes.

Some cricketers are not swimmers.

∴ Some swimmers are not athletes.

(A) A00, First Figure
(B) A01, Second Figure
(C) A00, Third Figure
(D) A10, Fourth Figure

**94.** આપેલા નિરૂપાધિત સંવિધાનના આકૃતિ અને ભેદ જણાવો:

બધા ક્રિકેટરો રમતવીર છે.

કેટલાક ક્રિકેટર તૌરાકો નથી.

∴ કેટલાક તૌરાકો રમતવીર નથી.

(A) A00, પહેલી આકૃતિ
(B) A01, બીજી આકૃતિ
(C) A00, ત્રીજી આકૃતિ
(D) A10, ચોથી આકૃતિ

**95.** Which of the following proposition is the truth value of identical with the proposition $(p \supset q)$ ?

(A) $(\sim K \& \sim S)$ (B) $(\sim K \vee S)$
(C) $(K \& S)$ (D) $(\sim K \equiv S)$

**95.** નીચેના વિધાનોમાંથી કયા વિધાનનું સત્યતામુલ્ય $(p \supset q)$?

(A) $(\sim K \& \sim S)$ (B) $(\sim K \vee S)$
(C) $(K \& S)$ (D) $(\sim K \equiv S)$

**96.** Determine the fallacy of the following syllogistic argument.

No students are lazy.

Some students are not smart.

Therefore, some smart persons are not lazy.

(A) Fallacy of exclusive premises
(B) Fallacy of undistributed middle
(C) Fallacy of illicit major
(D) Fallacy of illicit minor

**96.** નીચેના નિરૂપાધિક સંવિધાનમાં કયો દોષ થયો છે, તે નક્કી કરો:

કોઇપણ વિદ્યાર્થી આળસુ નથી.

કેટલાક વિદ્યાર્થીઓ સ્માર્ટ નથી.

તેથી, કેટલાક ચતુર વ્યક્તિઓ આળસુ નથી.

(A) વ્યાવર્તક આધાર વિધાનનો દોષ
(B) અવ્યાપ્ત મધ્યનો દોષ
(C) સાધ્યાતિક્રમનો દોષ
(D) પક્ષાતિક્રમનો દોષ

97. Find out the middle term from the given syllogistic argument.

All students are intelligent.

Some teachers are intelligent.

∴ Some teachers are students.

(A) Student

(B) Teacher

(C) Intelligent

(D) Some

98. It is ethical to consider nature as

(A) An instrument or means to an end

(B) A comfort zone

(C) An end in itself, as intrinsic

(D) Created for enjoyment

99. From an ethical point of view, technology should have a strong basis of

(A) Money

(B) Public support

(C) Theoretical knowledge

(D) Ethics and moral values

100. Which of the following is a crucial element in a doctor-patient relationship ?

(A) Patient's financial condition

(B) Patient's education

(C) Confidentiality

(D) Patient and doctor's religion

97. નીચેના સંવિધાનમાંથી મધ્યપદ શોધો.

તમામ વિદ્યાર્થીઓ બુદ્ધિમાન છે.

કેટલાક શિક્ષકો બુદ્ધિમાન છે.

∴ કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓ છે.

(A) વિદ્યાર્થી

(B) શિક્ષક

(C) બુદ્ધિમાન

(D) કેટલાક

98. પ્રકૃતિને____ગણવું નૈતિક છે.

(A) સાધ્યનું સાધન અથવા કરણ

(B) આરામનું ક્ષેત્ર

(C) સાધ્ય, અંતર્ગત

(D) આનંદ માટે સર્જાયેલું

99. નૈતિક દૃષ્ટિબિંદુથી યાંત્રિકીકરણનો આધાર____છે.

(A) ધન

(B) જાહેર સમર્થન

(C) સૈધાંતિક જ્ઞાન

(D) નીતિશાસ્ત્ર અને નૈતિક મૂલ્યો

100. ડોક્ટર – દર્દી સંબંધનું નિર્ણાયક પરિબળ કયું છે.

(A) દર્દીની આર્થિક સ્થિતિ

(B) દર્દીનું શિક્ષણ

(C) ખાનગીપણું

(D) દર્દી અને ડોકટરનો ધર્મ

SEAL

Space for Rough Work